જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૦/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૭૭૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૪ | ૦ | ૧૦૬૭૪ | ૧૬૮૦૪ | ૦ | ૧૬૮૦૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૦ | ૦ | ૫૮૬૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૯૯૭ | ૨૯ | ૧૫૦૨૬ | ૧૫૮૦૪ | ૩૫ | ૧૫૮૩૯ |
| | કુલ | ૩૦૦૬૫ | ૨૯ | ૩૦૦૯૪ | ૩૮૬૮૭ | ૩૫ | ૩૮૭૨૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૮ | ૧૨,૯૬,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૭૧ | ૧૫,૭૧,000/- |

**સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન :**

## પે-ટીએમ, કે.વાય.સી અપડેટ કરવાના બહાને એનીડેસ્ક નામની એપ્લીકેશન ડાઉનલોઇડ કરાવી મોબાઇલ્નુ એક્સેસ મેળવી પૈસા ટ્રાન્સફર કરી લેતી જામતાડા(ઝારખંડ)ની ગેંગના સભ્યને પકડી પાડતી સાયબર ક્રાઇમ પોલીસ

સંયુક્ત પોલીસ કમિશન શ્રી, અમિત વિશ્વકર્મા સાહેબની સાયબર ક્રાઇમને લગતા ગુન્હા ડિટેક્ટ કરવાની અવાર-નવાર સુચના અન્વયે નાયબ પોલીસ કમિશનર શ્રી, સાયબર ક્રાઇમ અમિત વસાવા સાહેબના માર્ગદર્શન હેઠળ મદદનિશ પોલીસ કમિશનર શ્રી, જે.એમ.યાદવ સાહેબના રાહબારી હેઠળ પોલીસ ઇન્સપેકટર એમ.એચ.પુવાર, સાયબર ક્રાઇમ પો.સ્ટે નાએ આ કામે હકિક્ત એવીરીતની છે કે "આ કામના ફરીયાદીશ્રી મનોજભાઇ દલછારામ પટેલ રહે : ઘોડાસર,અમદાવાદ નાઓને તેમના મોબાઇલ ફોન ઉપર કે.વાય.સી અપડેટ કરવા સારૂ ફોન આવેલો અને કહેલ કે "પે-ટીએમ કંપની માથી બોલુ છું," તેમ કહિ ફરીયાદીશ્રી પાસે ફોન ચાલુ રખાવી એનીડેસ્ક નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવેલ ત્યારબાદ ફ્રોડ કરનાર ઇસમે કુલ ટોટલ ૭ ટ્રાન્જેકશન ઓનલાઇન કરી રૂ.૨,૦૯,૩૨૮/- ની રકમ છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી વિવિધ બેન્કોમાં ટ્રાન્સફર કરાવી ઉપડાવી લિધેલા આ બાબતે ફરીયાદીશ્રીએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૭૨૦૦૧૩૬/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦, તથા ધી આઇ.ટી એક્ટ ૬૬(સી),૬૬(ડી) મુજબની ફરીયાદ તા.૧૩/૧૦/૨૦૨૦ નારોજ ગુન્હો રજિસ્ટર કરાવેલ. સદર કામે તપાસના ભાગરુપે આઇ.આર.યુ યુનિટ,સાયબર ક્રાઇમ,અમદાવાદની ટીમે ફરીયાદીશ્રીના જે ખાતામાં ફ્રોડ કરનાર ઇસમે પૈસા ટ્રાન્સફર કરેલા તે બેન્કોમાં યોગ્ય લાયઝનીંગ કરી ખાતા ફ્રીજ કરાવી રૂ.૩૪,૬૭૩/- પરત કરાવેલ અને ફરીયાદીશ્રીને નાણા પરત અપાવેલ છે.

બાદ આ કામે ટેકનીકલ એનાલિસિસ કરી તથા ફરીયાદીશ્રીના જે-જે ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર થયેલા તેની બેલેન્સસીટ નો અભ્યાસ કરી આ આરોપી ભોલાદાસ હેમલદાસ રહે : ગામ : નોહથીયા પોસ્ટ : શીંદરી થાના : નારાણપુર જિલ્લો : જામતાડા (ઝારખંડ) નાઓના પંજાબ નેશનલ બેન્કમાં સેલવાસા બ્રાન્ચના ખાતામાં રૂ.૫૦,૦૦૦/- જમા થયેલ હોવાનુ તપાસ દરમિયાન ખુલવા પામેલ હોય અને આ જમા થયેલ પૈસા જામતાડા એ.ટી.એમ માથી ઉપડેલા હોય તેવુ પુરવાર થતા સદર ઇસમને તા.૧૪/૧૦/૨૦૨૦ ના કલાક ૧૬/૩૦ વાગે પકડી ગુન્હાના કામે અટક કરવામાં આવેલ છે. આ ઇસમ પાસેથી ગુન્હામાં વપરાયેલ વિવો કંપનીનો મોબાઇલ ફોન તથા પંજાબ નેશનલ બેન્ક ની પાસબુક કબ્જે લેવામાં આવેલ છે.

## ગુન્હાની એમ.ઓ :

પે-ટીમ કે.વાય.સી અપડેટ કરવાના બહાના હેઠળ એનીડેસ્ક નામની એપ્લીક્શન ડાઉનલોડ કરાવી મોબાઇલ ફોનનુ એક્સેસ મેળવી લઇ પૈસા ટ્રાન્સફર કરી ગુન્હો આચરેલ છે.

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

| | |
|---|---|
| ૧. એમ.એચ.પુવાર, પોલીસ ઇન્સપેક્ટર | ૨.એ.આઇ.પટેલ,પોલીસઇન્સપેક્ટર, આઇ.આર.યુ, યુનિટ અને તેમની ટીમ |
| ૩.એ.ઓ.ભરવાડ,પોલીસ સબ ઇન્સપેક્ટર | ૪.એ.એસ.આઇ અશ્વીનભાઇ રતનસિહ |
| ૫.અ.હેડ.કોન્સ હરપાલસિહ હરદેવસિહ | ૬.અ.હે.કો ભાવીનકુમાર મુળજીભાઇ |
| ૭. અ.પો.કો ચિંતનકુમાર પ્રવિણભાઇ | ૮.અ.પો.કો શૈલેષભાઇ વિહાભાઇ |



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી ૧૪૧ લીટર દેશી દારૂ અને ૯ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૪/૨૦૨૦**

**એરપોર્ટઃ** દયાલભાઇ નયરમલ વાટવાણી (રહે. કનૈયા સાઇકલ વાળી ગલી આંબાવાડી સર્કલ પાસે સરદારનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૧૫/૧૦/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પ્રજાપતિ ચલાવે છે.

**વટવાઃ** મંદાબહેન સાહેબરાવ થોરાત (રહે.સાંઇબાબા એપાર્ટમેન્ટ પ્લેટીનીયમ પાસે વટવા) એ તા.૧૫/૧૦/૨૦૨૦ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૦ બપોરના ૧/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૦૫,૮૦૦/- મતા અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી